જિલ્લામાં એક જ દિવસમાં છનાં મૃત્યુ

શાળાના મહિલા ઉપ આચાર્યનું ઘ-૪ નજીક માર્ગ અકસ્માતમાં મૃત્યુ : રાયપુર કેનાલમાં ન્હાવા પડેલા બે યુવાનો, રાંધેજામાં સર્પદંશથી એક આધેડ, પ્રૌઢ વૃદ્ધનું વિજ કરંટ લાગતા અને એક આધેડનું ચાલુ લકઝરીમાં કોઈ કારણસર મૃત્યુ નિપજ્યું : એક દિવસમાં છના મૃત્યુથી જિલ્લામાં સન્નાટો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં એક જ દિવસમાં છ વ્યક્તિઓના વિવિધ કારણોસર મૃત્યુ નિપજ્યા છે. જેને પગલે જિલ્લામાં શોકનો માહોલ સર્જાયો છે. શહેરના ઘ-૪ સર્કલ નજીકથી મોપેડ લઈને નીકળેલા શાળાના એક મહિલા ઉપ આચાર્યને મારૂતીવાને ટક્કર મારતા ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યુ હતુ. તે ઉપરાંત રાંધેજા ગામમાં વિવિધ બનાવોમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. વ્યાસ વાસમાં વૃદ્ધ પોતાના ઘરે બાથરૂમમાંથી ન્હાઈને બહાર નિકળ્યા ત્યારે લોખંડના દરવાજો અડકતા કરંટ લાગી જવાથી અને રાંધેજા વિદ્યાપીઠ પાછળ એક આધેડ મહિલાનું સર્પદંશથી મૃત્યુ નિપજ્યું છે. તથા રાયપુર કેનાલમાં ન્હાવા પડેલા બે યુવાનોનું પણ ડુબી જવાથી મૃત્યુ થતા ગામમાં સન્નાટો થઈ ગયો છે. જ્યારે ચિલોડા સર્કલ પાસેથી પસાર થતી લકઝરી બસમાં અચાનક એક મુસાફર બેભાન થઈ ગયો અને મોતને ભેટ્યો હતો. જિલ્લામાં એક જ દિવસે છ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા હોવાની વિગતો પોલીસ ચોપડે નોંધાવા પામી છે.

ગાંધીનગર નજીકના રાયપુર ગામમાં રહેતા બે યુવાન મિત્રો ૩૦ વર્ષિય મેલાજી જવાનજી ડાભી અને ૨૨ વર્ષિય નવઘણજી કનુજી સોલંકી ગઈકાલે સાંજના અરસામાં રાયપુર કેનાલમાં ન્હાવા ગયા હતા. આજે સવારે બન્ને યુવાનોનાં રાયપુર કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યા છે. મોડી સાંજે બંને યુવાનોના ડુબી જવાથી મૃત્યુ નિપજતાં ડભોડા પોલીસે તપાસ શરૂ કરી છે. બીજી તરફ રાંધેજા ગામમાં બે વ્યક્તિઓના મૃત્યુના બનાવ બન્યા છે. રાંધેજા વિદ્યાપીઠ પાછળ ૪૫ વર્ષિય ચેહરબા વિનુભા રાઠોડ સવારે કચરો વાળી રહ્યા હતા તેટલામાં અચાનક તેણીના કાંડે સાપ કરડી જતાં તેણીનું મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ રાંધેજાના વ્યાસ વાસમાં રહેતા ૫૫ વર્ષિય દિલીપભાઈ બાબુભાઈ વ્યાસ સવારે ઘટના બાથરૂમમાં ન્હાવા ગયા હતા. ન્હાઈને બાથરૂમની બહાર નિકળતા લોખંડનો દરવાજો ખોલવા ગયા ને દિલીપભાઈને કરંટ લાગ્યો અને કરૂણ મૃત્યુ નિપજ્યું હોવાની ઘટના બનવા પામી હતી. સવારે ૧૧ વાગ્યાના અરસામાં પેથાપુર ખાતે રહેતા અને ઓમ લેન્ડ માર્ક સ્કૂલના ઉપ આચાર્ય ટીવીએસ વીગો (મોપેડ) લઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે ઘ-૪ નજીક મારૂતીવાન સાથે અકસ્માત સર્જાતા ઉપ આચાર્યને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જો કે તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ બનાવ બાદ મારૂતીવાન લઈને ચાલક ફરાર થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે તેની સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે. આ અકસ્માતમાં મિલનસાર સ્વભાવ ધરાવતા ઉપ આચાર્ય મમતાબા વિરેન્દ્રસિંહ વાઘેલાના મૃત્યુના સમાચારથી શાળાના સ્ટાફ-વિદ્યાર્થીઓ પણ શોક મગ્ન બન્યા છે. તે ઉપરાંત રાજસ્થાનથી આવતી લકઝરીમાં સવાર મુસાફર ૪૫ વર્ષિય રાજકુમાર અજમેરપ્રસાદ ઠાકોરને અચાનક જ ચિલોડા સર્કલ નજીક તબીયત લથડી અને ચાલુ લકઝરીમાં બેભાન થઈ ગયો અને મોતને ભેટ્યો હતો. આમ એક જ દિવસમાં જિલ્લામાં છ વ્યક્તિઓના મૃત્યુ થવા પામ્યા છે. જેમાં બે મહિલાઓનો સમાવેશ થાય છે.

પુસ્તક પરબ : ગાંધીનગરના સાહિત્ય પ્રેમીઓ દ્વારા છેલ્લા બે વર્ષથી કાર્યરત પુસ્તક પરબને દિવસે દિવસે પ્રોત્સાહક પ્રતિભાવ પ્રાપ્ત થાય છે. વાંચનની ભૂખ જગાવવાના હેતુથી આરંભાયેલી સકારાત્મક પ્રવૃત્તિ નગરનું એક અનોખું આકર્ષક ઘરેણું છે. દિન-પ્રતિદિન વધુ ને વધુ નગરજનો આ પ્રવૃત્તિમાં જોડાય તે જરૂરી છે.

વાદળછાયા વાતાવરણે વરસાદની આશા જગાવી

વહેલી સવારે આકાશમાં વરસાદી વાદળો છવાતા વાતાવરણ આહલાદક બન્યું : જો કે બપોર બાદ વાદળો વિખેરાઈ જતાં પુનઃ ગરમીનો અહેસાસ

ગાંધીનગર, તા.૫

છેલ્લા કેટલાય દિવસોથી ગાયબ થઈ ગયેલા મેઘરાજા ફરી ગાંધીનગર પર અને ગુજરાત પર મહેરબાન થાય તેવી લાગણી સૌ કોઈ વ્યકત કરી રહ્યા છે. આજે વહેલી સવારે આકાશમાં ઘેરાયેલા વાદળોએ વરસાદની આશા જગાવી છે. હમણાં ઝાપટું પડશે તેવું લાગતું હતું.જો કે બપોર બાદ વાદળો ગાયબ થઈ જતાં પુનઃ બફારો અનુભવાયો હતો.

મેઘરાજાએ લાંબો વિરામ લીધો છે. ગયા મહિને આખા રાજયને ઘમરોળ્યા બાદ મેઘરાજા જાણે ગાયબ થઈ ગયા છે. પ્રથમ વરસાદ બાદ ઘણા ખેડૂતોએ ખેતરમાં વાવણી કરી દીધી છે. હવે પીયત માટે વરસાદના બીજા રાઉન્ડની તાતી જરૂરીયાત છે. ખેડૂતો આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. વર્ષ દરમિયાન કમૌસમી વરસાદ, કરા, અતિવૃષ્ટિ સહિતની કુદરતી આફતોનો ભોગ બનનાર જગતનો તાત હવે નિયમિત સમયસર ચોમાસાની આશા અપેક્ષા રાખી રહ્યો છે. કુદરત હવે રુઠે નહી તેવી ખેડૂતો પ્રાર્થના કરી રહ્યા છે.

આજે વહેલી સવારથી આકાશમાં વાદળ ઘેરાયા હતા. જેના કારણે પુનઃ વરસાદની અપેક્ષા બંધાઈ હતી. ક્યાંક ક્યાંક છાંટા પણ પડયા હતા જો કે આ વરસાદી વાતાવરણ આભાસી પુરવાર થયું હતું. બપોર સુધીમાં વાદળો વિખેરાઈ જતાં પુનઃ ગરમી અને બફારો શરૂ થઈ ગયો હતો. આજે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૪૪ ટકા રહ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

અફવા ફેલાવનાર સામે પોલીસની લાલ આંખ

અમદાવાદ,તા.૫

ચોર, લુટારુઓ અને આતંકવાદીઓની અફવાના પગલે હાલમાં ગામડાઓમાં રહેતા લોકોમાં ભારે દહેશત ફેલાયેલી છે. આના ભાગરુપે જ હવે પોલીસે પણ સક્રિય થઇને કાર્યવાહીનો દોર હાથ ધર્યો છે. આજે પોલીસે અફવા ફેલાવવાના મામલામાં કુલ ચાર શખ્સોની ધરપકડ કરી હતી જે પૈકી બે અમદાવાદના અને બે ખેડાના શખ્સો હોવાનું જાણળા મળ્યું છે. ઝડપાયેલા શખ્સોની આકરી પુછપરછ ચાલી રહી છે.

દહેગામમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. ઢોર માર મારવાના કારણે તે અર્થબેભાન અવસ્થામાં છે અને તે બોલી શકતો નથી. ગ્રામજનોએ તેના બંને પગ ભાંગી નાખ્યા છે, તેના ઘુંટણમાં ભારે ઇજાઓ છે. ગામ વાસીઓમાં ફેલાયેલી અફવાના કારણે ગ્રામજનો દ્વારા રાતના સમયે અજાણ્યા લોકો પર થતાં હુમલાઓના પરિણામે સફાળી જાગેલી પોલીસે અફવા ફેલાવવાના મામલેકઠોર કાર્યવાહી હાથ ધરી છે. અફવાઓનું બજાર છેલ્લા ઘણા દિવસથી ગરમ થયેલું છે જેના ભાગરુપે એવી અફવા ફેલાઈ રહી છે કે, આતંકવાદીઓ ઘુસી ગયા છે. ચોર અને લુટારુઓ સક્રિય થયા છે જેથી સ્થાનિક લોકો હવે મોડી રાત સુધી જાગી રહ્યા છે.

રાજ્યમાં ગ્રાન્ટેડ સંસ્થાઓનું માળખુ તોડી પાડવાનો સરકારનો કારસો : કોંગ્રેસ

રાજ્યમાં ગરીબ-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત રાખવા માટે રાજ્ય સરકાર જવાબદાર સંસ્થાઓને પુરતી ગ્રાન્ટ આપી અધ્યાપકો અને અન્ય કર્મચારીઓની સત્વરે ભરતી કરવા માંગ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્ય સરકાર પર શિક્ષણના વ્યાપારીકરણનો આક્ષેપ કરતા સરકારી ગ્રાન્ટેડ સંસ્થાઓનું માળખુ તોડી પાડવા અને ગરીબ તથા મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત રાખવા જવાબદાર ઠેરવી છે. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા રાજયની તમામ યુનિવર્સિટીમાં ૨૩ ગ્રાન્ટેડ સંસ્થાઓને કઈ રીતે વધુ સંખ્યા લીધી છે તે અને એનસીટીઈની માન્યતા અંગેની વિગતો માંગવામાં આવી છે. તે બાબતે કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશી દ્વારા અખબારી યાદી પ્રસિદ્ધ કરીને સવાલો કરાયાં છે.

ડૉ. મનીષ દોષીની યાદીમાં જણાવાયું છે કે રાજ્ય સરકારે ૧૯૯૮ પછી ગ્રાન્ટેડ સરકારી કોલેજોમાં એક પણ પૂર્ણ સમયના અધ્યાપકની નિમણૂંક કરી નથી. તેમજ વર્કલોડ આધારિત અધ્યાપકો સહિતની ભરતી માટે મંજૂરી પણ આપી નથી તે પાછળ રાજ્યમાં ગ્રાન્ટેડ સંસ્થાઓનું માળખુ તોડી નાંખવાની કામગીરી જવાબદાર ગણાવી છે. ગુજરાત રાજ્ય શિક્ષણમાં ૨૬ ક્રમે ધકેલાઈ ગયું હોવાનું જણાવતા ડૉ. દોશીએ ભાજપ સરકાર જેના મોટા ઉપાડે દેશ-વિદેશમાં ઢોલ નગારા પીટે છે તે રાજ્યની ટીચર્સ યુનિવર્સિટીને એનસીટીઈએ હજુ સુધી માન્યતા આપી નથી તે બાબતે સરકાર કેમ ચૂપ છે તેવો સવાલ કર્યો છે. તેમણે લાંબા સમય સુધી શિક્ષણમંત્રી રહી ચુકેલા હાલના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કાર્યસમય દરમ્યાન રાજ્યમાં બીએડ અને પીટીસી કોલેજોનો રાફડો ફાટ્યો હતો પરંતુ આજે પીટીસી સંસ્થાઓને તાળા લાગી ગયા હોવાનું જણાવ્યું છે. સંપૂર્ણ ઓછી ફી લઈને શિક્ષણ આપતી ગ્રાન્ટેડ બી.એડ. કોલેજોને નોટીસ આપવાની રાજ્ય સરકારની નીતિ તેની નિયતને ખુલ્લી પાડે છે.

રાજ્યમાં સરકારની ગ્રાન્ટથી ચાલતી કોલેજો ઓછી ફી લઈને શિક્ષણ આપે છે. તેને પુરતી ગ્રાન્ટ આપવાને બદલે સરકારે ખુટતા અધ્યાપકો, લેબોરેટરી, લાયબ્રેરી અને વહીવટી કર્મચારીઓથી વંચિત રાખી છે. ગ્રાન્ટેડ બીએડ કોલેજોમાં એનસીટીઈના નિયમો અનુસાર ૧૦૦ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવતા હોય છે. સરકારે આ અંગે ૨૦૦૯માં જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ હતુ. પણ રાજ્ય સરકારે આ પ્રવેશ ક્ષમતા વધારી નહી પરિણામે સામાન્ય અને મધ્યમ વર્ગના મેરિટવાળા વિદ્યાર્થીઓને ઓછી ફીની ગ્રાન્ટેડ સંસ્થાઓમાં પ્રવેશથી વંચિત રાખ્યા છે. આમ સરકારે અગત્યની ભરતી પ્રક્રિયા નહી કરીને ગુનાહિત બેદરકારી દાખવી ગુજરાતના ભવિષ્ય સમાન યુવાનોની કારકિર્દી સાથે ચેંડા કરવાનો આક્ષેપ કરતા સરકારની ખાનગી કોલેજોના તરભાણાં ભરવાની નીતિ બંધ કરવા માંગ કરી છે અને તાત્કાલિક ખાલી જગ્યા પુરવા જણાવ્યુ છે.

કુડાસણ ગામની ગ્રીન પાર્ક સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામ સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર તા ૫

કુડાસણ ગામની સીમમાં સ્થિત ગ્રીન પાર્ક સોસાયટીના કોમન પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ કરીને ખોટા પુરાવાઓ ઉભા કરીને સભ્યો સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવાના ગુન્હામાં ઈન્ફોસિટિ પોલીસે સોસાયટીના એક રહિશ સામે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ય વિગત અનુસાર ઉષ્માનપુરામાં રહેતા વિરેન્દ્રકુમાર વિશ્વનાથ ત્રિવેદીએ આ અંગે પાલીસ ફરિયાદમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામની સીમમાં સ્થિત ગ્રીન પાર્ક સોસાયટીમાં આ કેસના આરોપી ભાવેશ ચિનુભાઈ જાની મકાન ધરાવે છે. જયારે વર્ષ ૨૦૧૩ પૂર્વે રાણીપમાં રહેતા ભાવેશ જાનીએ ગ્રીન પાર્ક સોસાયટીના કોમન પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ કરી દીધું હતું. જયારે ગેરકાયદેસર રીતે થયેલા આ બાંધકામના મામલે તેણે માત્ર કાગળ પર સભ્યોની મીટીંગ બોલાવી સંમત્તિ લીધી હોવાના ખોટા પુરાવા ઉભા કર્યા હતા. જયારે આ ઉપજાવી નાંખેલી વાતના આધારે ખોટા પુરાવા પણ ઉભા કરી દિધા હતા. આ અંગે તેણે એફિડેવિટ પણ કરી દિધી હતી. આ સમગ્ર મામલે સોસાયટીના સભ્યોને ખ્યાલ આવતા તેમણે છેતરપિંડીના આ પ્રકરણ સંદર્ભે ઈન્ફોસિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુન્હો દાખલ કરી પી આઈ પરાગ ચૌહાણે તપાસ હાથ ધરી છે.

સોસાયટીના સભ્યોને અંધારામાં રાખી ખોટી એફિડેવિટ બનાવી લીધી

ચિંતન શિબિર : મહાત્મા મંદિર ખાતે ચિંતન શિબિરના ત્રીજા દિવસે સમાપન સમારોહમાં મુખ્યમંત્રીએ શ્રેષ્ઠ કલેક્ટર અને શ્રેષ્ઠ જિલ્લા વિકાસ અધિકારીને પારિતોષિકો એનાયત કરાયા તે પ્રસંગની તસવીર. રાજ્યના તમામ અધિકારીઓને દર ત્રણ મહિને પોતાના કાર્યક્ષેત્રનો ગતિ - પ્રગતિનો અહેવાલ નિયમિત મોકલવા મુખ્યમંત્રીએ તાકીદ કરી છે. સતત ત્રણ દિવસ રાજ્યના વિકાસ માટેની વર્તમાન અને ભાવિ યોજનાઓ વિશે ઘનિષ્ઠ ચર્ચાઓ યોજાઈ હતી.

ઉપચારાત્મક વર્ગો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપચારાત્મક વર્ગોનું મોનીટરીંગ શાળા કક્ષાએ શાળાના આચાર્યે કરવાનું રહેશે. આ માટે દરરોજ ઓછામાં ઓછા બે કે તેથી વધુ શિક્ષકોના વર્ગમાં બાળકોને મુખરવાંચન, શ્રૃતલેખન અને ગણન કરાવાનું રહેશે. આ વખતે સારી કામગીરી ન કરનાર શિક્ષક, આચાર્ય, બી.આર.સી., સી.આર.સી., બી.આર.પી. કેળવણી નિરીક્ષક વગેરેની જવાબદારી નિયત કરીને જરૂરી શિસ્ત વિષયક પગલાં લેવાના રહેશે.

ચેતવણી વધુ કડક બનાવતાં નિયામકશ્રીએ પત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે આ કાર્યક્રમ દરમ્યાન શિક્ષક, આચાર્ય કે મોનીટરીંગમાં જનાર વ્યક્તી બાળકોના મૂલ્યાંકન અંગેની ખોટી માહિતી આપશે તો પણ જે તે વ્યક્તી પર શિસ્ત વિષયક પગલાં લેવામાં આવશે.

નબળો પ્રતિસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે જયારે ૭૬ પ્રશ્નો પડતર રહેવા પામ્યા છે.

સૌથી વધુ પ્રશ્ન ગાંધીનગર તાલુકામાં ઉદભવ્યા છે જેની સંખ્યા ૬૫ છે આ પછી માણસામાં ૫૯ પ્રશ્નો, દહેગામમાં ૪૧ પ્રશ્ન તો કલોલમાં માત્ર ૭ જ પ્રશ્નો રજુ થયા છે. જે પ્રશ્નો પડતર રહ્યા છે તેમાં માણસા તાલુકાના રજુ થયેલા ૫૯ પ્રશ્નોમાંથી ૪૬ પડતર તો ગાંધીનગરના ૬૫માંથી ૨૭ કલોલમાં ૭માંથી ૩ પ્રશ્નોનો સમાવેશ થાય છે. તંત્ર આ અભિયાનની સાથે સાથે સરકારી કાર્યક્રમોની તૈયારી તેમજ તેના આયોજનોમાં પણ વધુ વ્યસ્ત રહેતાં લોકોમાં સખ્ત નારાજગી જોવા મળી રહી છે.

નોકરી હોમાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. આ બનાવથી હતપ્રભ થયેલા ડ્રાઈવર અને બે કર્મચારીઓએ થોડે દુર નીકળ્યા પછી પોત પોતાના ઘરે ફોન કરી જાણ કરી હતી. પ્રાંતિજના બંને કર્મચારીઓના મા-બાપ ગભરાઈને તેમના સંતાનને લેવા તાત્કાલિક ચિલોડા સર્કલે આવી ગયા હતા જયાં ડ્રાઈવરે કર્મચારીઓને ઉતારી પોતે ગાડી લઈને ઘરે જતો રહ્યો હતો. બીજા દિવસે રાત્રિની નોકરીના આ જોખમથી ગભરાઈ ગયેલા ડ્રાઈવર સહિત ત્રણેય કર્મચારીઓએ નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું.

અત્યારના સમયમાં ચોતરફ ફેલાયેલા ચોર-લુંટારા અને આતંકવાદીઓ સુધ્ધાંની અફવાઓની આગ હવે એટલી પ્રસરી ચુકી છે કે આ પ્રકારના બનાવોમાં સત્ય શું છે તે જાણવું અઘરું થઈ રહ્યું છે. ગાડી પર હુમલો કરનારા ખરેખર ચોર લુંટારા હતા કે ચોર લુંટારાના ભયથી ચોકી કરવા ઉભા રહેલા ગ્રામજનો? આ પ્રશ્નનો જવાબ અત્યારે તો કળવો મુશ્કેલ છે. પરંતુ આ બનાવોથી ભયનો માહોલ જરુર ફેલાયો છે.

રખીયાલ નજીકના લીહોડા અને પનાના મુવાડા ગામે એક મોબાઈલ ટાવર રીપેર કરવા ચઢેલા કર્મચારીને પણ ગ્રામજનો ચોર લુંટારું સમજી બેઠા હતા. આ કર્મચારી સરપંચની પરવાનગી લઈને મોબાઈલ ટાવર રીપેર કરવા ઉપર ચઢયો હતો અને બપોરના ૪ વાગ્યાના સુમારે રીપેરીંગ કાર્ય કરતો હોવા છતાં ગ્રામજનો તેને ચોર લુંટારું સમજી બેસે તે વાત આશ્ચર્યજનક છે. હરસોલીમાં માર મારવામાં આવેલ યુવાન પણ કોટેશ્વર ખાતેની બાંધકામ સાઈટનો મજુર નીકળ્યો છે. આ જોતા એવું માની શકાય કે ગ્રામજનો ખરેખર અફવાઓની આગમાં સાચા ખોટાની સાન ભુલાવી ચુકયા છે અથવા તો આવું કરવા માટે તેમને કોઈ છુપી દોરવણી કરાઈ રહી છે. આ સત્ય કળવું મુશ્કેલ છે પરંતુ આ સમયમાં વિવેકબુધ્ધિથી સૌએ કામ લેવાની તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

રાજ્યમાં ભેજનું પ્રમાણ યથાવત

અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૮ ડિગ્રી : આંશિક વાદળછાયુ વાતાવરણ રહેતા ગરમીના પ્રમાણમાં ફેરફાર

અમદાવાદ,તા.૫

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદના બ્રેકના કારણે હવે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સાથે સાથે ગરમીનું પ્રમાણ પણ ફરી એકવાર વધ્યું છે. અમદાવાદી લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ભેજનું પ્રમાણ એકાએક વધી ગયું છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, આગામી સપ્તાહ સુધી વરસાદની કોઈ શક્યતા દેખાઈ રહી નથી. આવી સ્થિતિમાં ભેજનું પ્રમાણ અકબંધ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. આનો મતલબ એ થયો કે અમદાવાદી લોકોને ભેજવાળી સ્થિતિનો સામનો કરવો પડશે.

ભેજની સ્થિતિના કારણે સામાન્ય લોકો અસ્વસ્થતાનો અનુભવ કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં આ સ્થિતિ અકબંધ રહે તેવી સ્થિતિ દેખાઈ રહી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન વધીને ૩૭.૮ ડિગ્રી રહ્યું હતું જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૩ ડિગ્રી રહ્યું હતું. શહેરમાં વરસાદની કોઈ સ્થિતિ દેખાઈ રહી નથી. વાદળછાયુ વાતાવરણ આજે જોવા મળ્યું હતું. દિવસના તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી નોંધાયું હતું જેની સામે આજે ૩૭.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગુજરાતમાં ત્રીજા સૌથી મોટા ગરમ શહેર તરીકે જોવા મળી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હાલમાં જ ભારે વરસાદ થયો હતો. જો કે, હવામાન વિભાગે રાજ્ય માટેની આગાહીમાં જણાવ્યું છે કે, દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ આગામી પાંચ દિવસ સુધી રહી શકે છે. અમદાવાદ માટે વરસાદની કોઇ આગાહી કરવામાં આવી નથી. નીચલી સપાટી ઉપર દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમી પવનો ફુંકાઈ રહ્યા છે.

રક્તદાન મહાદાન